





સીએજી અને ઓડીટમાં બધા ચોપડા બોલે છે,
પકડે ચોટલી જે પ્રધાનોની ખૂરશી ડોલે છે,
છોલે નિવેદન, ફોલે ફીફાં ગરજુ ગુન્હેગારો -
ઉખડે છે પોપડા વિકાસના કૌભાંડો પોલે છે..

હાઇકુ

ટમટમશે,
હવે નીલ ગગને -
સુપર 'સ્ટાર'
(જતીન ખન્ના વિલીન)

રાષ્ટ્રપતિની,
- ચૂંટણી પણ જાણે!
'ફિક્સ' ની મેચ..
(નિશ્ચિત પરિણામનો જંગ)

## ચિંતન

**મૌને-મૌની ગુણિની ગુણાવાન્પંડિતે પડિતો અસૌ, દીને દીનઃ સખિનિ સુખવાન્ભોગિતિ પ્રાપ્ત ભોગઃ ।**
**મૂર્ખે-મૂર્ખો, ચુવતિષુ ચુવા વાગ્મિષુ પ્રૌઢવાગ્મી ધન્યઃ કો અપિ ત્રિભુવન વિજયી યો અવધૂતે અવધૂતઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ-સામાન્યનીતિ, નો આ શ્લોક 'સમ સંવેદનશીલ' વ્યક્તિ જિંદગીમાં મળે તે ખૂબ જ સૌભાગ્યની વાત છે.

મૌની - એટલે કે સંયમી સાથે સંયમી થઇ ને રહે, ઓછું બોલનાર સાથે જાતે પણ ઓછું જ બોલે, ગુણવાનની સાથે પોતે પણ ગુણીજન થાય, પંડિતની સાથે વિદ્વતા પૂર્ણ વાર્તાલાપ કરી પંડિત બને, દીન-ગરીબની સાથે ગરીબ થઇ જાય, સરળતા-સાદગીથી રહે, દુ:ખીજનોનો સમદુ:ખી બની રહે, સુખીની સાથે સુખમાં રહી એમના આનંદને વિકસાવે, ભોગીની સાથે ભોગવિલાસી થઇ તેમને સહકાર આપે, મૂર્ખની સાથે જાતે પણ મૂર્ખ થઇ મૂર્ખતાપૂર્ણ આચરણ પણ કરે, યુવતીની સાથે યૌવનની કળા પણ દર્શાવે, વક્તાની સાથે ગંભીર વક્તા થઇ શાણા શ્રોતા પણ થઇ શકે, તો અવધૂતની સાથે અવધૂત પણ થઇ જાય, આવા સમ સંવેદનશીલ, સમજુ, જેવાની સાથે સ્વભાવ-રસ-રૂચિ અને આચારમાં સમત્વ કેળવી જિંદગીમાં સમાનુકૂલન સાધે એવા વ્યક્તિ ત્રણે લોકમાં વિજયી બને છે. પણ આવા ધન્ય મનુષ્ય ભાગ્યે જ કોઇને મળે છે.

## સુવિચાર

- સંસારમાં સુખની જગ્યા જ સૌથી વિશેષ સાંકડી છે, કોઇ પણ સ્થળે સંપૂર્ણ વિઘ્ન વિના સુખ ને મોકળાશથી માણી શકાતું નથી **- ટાગોર**
- માતૃભૂમિ અને માતૃભાષા પરત્વેની મમતા અને આદર કર્તવ્ય જ નહીં, ધર્મ છે **- કનૈયાલાલ મુન્શી**
- જે આંસુ બહાર દેખાતાં નથી તે હૃદયને અંદરથી વલોવી નાખે છે **- ધૂમકેતુ**
- ધૃણા કરવાનું કાર્ય શેતાનનું છે, પ્રેમ કરવાનું કાર્ય દેવતાનું છે **- ભર્તૃહરિ**
- જીવન એક પુષ્પ છે અને પ્રેમ એની સુગંધ છે **- વિક્ટર હ્યુગો**
- સદ્‌ભાગ્ય એ પરિશ્રમનો પડછાયો છે **- ગોલ્ડ સ્મિત**
- પ્રેમથી બંધાયેલાં લોકોમાં જયાંથી ઐક્ય હોય ત્યાં સુધી ગમે તેવું હળાહળ ઝેર પણ પચાવી શકે છે **- શરદ બાબુ**

## બોધ કથા

આપણી સરકારમાં પોતે તો નથી ખાતા પણ બીજાને જરાય ભૂખ્યા ન રહે, પેટ ફાટંફાટ થાય એવા આગ્રહ કરી ખવડાવે છે. એમનું પેટ-મન બગડે એનો વાંધો નહીં એ ખાય પણ લોહી-ચરબી સરકારનાં વધે એવી ગોઠવણ છે. લગભગ કેબીનેટ પર આક્ષેપો છે. કોર્ટ માથાં કૂટે, કોંગ્રેસ કકળાટ કરે, બેનીવાલ બબળાટ કર્યા કરે, પણ સરકાર એટલે ગાંધીના ત્રણ વાંદરાંનું પ્રતિક - એને કોઇ ફરિયાદ કરી જ ન શકે એટલે તો 'લોકપાલ' ને પણ 'લોકઅપ' માં રાખી દીધો છે.

આવા એક રાજા અને તેના ખેતીપ્રધાન રાજયમાં માછલી પ્રધાનને ગળે ગલ ફસાઇ ગઇ. આવા પ્રધાનોની ફરિયાદ રાજા સાંભળે જ નહીં એને તો 'ચૂંટણી ધન ભંડોળ' સિવાય કંઇ બીજું દેખાય જ નહીં!

પક્ષની ચિંતા કરનારા એક રાજકવિ પાસે ગયા અને કહ્યું, સિંહને કહેવું કેમ આ વાસ દુર્ગંધ તમારા મોઢામાંથી જ આવે છે. રાજ કવિએ બીડું ઝડપ્યું.

કેબીનેટમાં મુશાયરો હતો. રાજ કવિ બોલ્યા :

જોતાં કંઇ જાણાય નહીં કોણ શાહુકાર કોણ ચોર?!

દીવાનથી દરબારમાં છે અંધારું ઘોર!!

સાંભળી રાજા ગુસ્સાથી લાલ થયો અને કવિને 'ડીસમીસ' કરવાનો આદેશ કર્યો, કવિ કહે, હું દીવાન સાહેબની ફરિયાદ નથી કરતો પણ, દીવા નથી દરબારમાં અંધારું છે એમ કહું છું, એણે પણ નેતાજીની જેમ ફેરવી તોડ્યું.

# ટેલિવિઝનમાં ગમે તેટલા ખરાબ સમાચાર કે પ્રોગ્રામ આવે પણ ટેલિવિઝન બંધ કરવાની સ્વીચ તો આપણા હાથમાં જ છે

## સમાચાર સેતુ

(૧) ગાંધીનર સાહિત્ય સભાની કારોબારીની બેઠક તા. ૨૧-૭-૨૦૧૨ ના રોજ સર્કિટ હાઉસ ખાતે મળશે. જેમાં આગામી માસમાં વ્યાખ્યાનમાળા યોજવા અંગે તેમજ સ્વ. વિનોદ શાહની ખાલી પડેલ કારોબારી સભ્યની વરણી અંગે ચર્ચા થશે. જેમાં સૌ કારોબારી સભ્યો, આમંત્રિત પૂર્વ પ્રમુખશ્રીઓ અને ટ્રસ્ટીઓને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

(૨) ગુજરાતની કવયત્રીઓના કાવ્યોનું એક સુંદર પ્રદર્શન થઇ રહ્યું છે. તેના માટે કવયત્રીઓએ તેમની મૌલિક પાંચ કાવ્ય રચનાઓ તેમજ સાહિત્યિક પ્રધાન અંગે પરિચય અને તાજેતરમાં ફોટોગ્રાફ નીચેના સરનામે મોકલવા જણાવાયું છે.

મિત્તલ રાજગોર, ૧૧, ૨૬મી જાન્યુઆરી, એવન્યુ, એલ.જી. કોર્નર, મણીનગર, અમદાવાદ.

(૩) ગાંધીનગર ખાતે અધિકારી તરીકે ફરજ ભજાવતા કવિ શ્રી હર્ષ બ્રહ્મભટ્ટને મુંબઇની પ્રતિષ્ઠિત સંસ્થા ઇન્ડિયન નેશનલ થિયેટર (INT) દ્વારા ગુજરાતી ગઝલક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન બદલ વર્ષ ૨૦૧૧-૧૨ માટેનો 'કલાપી' એવોર્ડ એનાયત કરવાનું જાહેર કરાયું છે. કવિશ્રીને અભિનંદન!

(૪) સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) દ્વારા નેશનલ બૂક ટ્રસ્ટ, ન્યુ દિલ્હીના સહયોગથી અમદાવાદ સ્પીપા બિલ્ડિંગ, સેટેલાઇટ રોડ ખાતે પુસ્તક મેળાનું આયોજન તા. ૨૦-૨૧ જુલાઇ, ૨૦૧૨ સવારે ૧૦ : ૦૦ થી સાંજે ૫ : ૩૦ સુધી કરવામાં આવ્યું છે.

(૫) અખિલ હિન્દ મહિલા પરિષદ બૃહદ્ સૂરત શાખા ટ્રસ્ટના વાચક મંચના ઉપક્રમે સ્મિતા પારેખ સાહિત્ય લેખન સ્પર્ધા યોજવામાં આવી છે. જેમાં વાર્તા, કાવ્યો અને બાળવાર્તાઓ તા. ૩૧મી જુલાઇ સુધીમાં અખિલ હિન્દ મહિલા પરિષદ બૃહદ્ સુરત શાખા, શાલભદ્ર કોમ્પલેક્ષ, કાદરશાંની પોળ, ટીમલી વાડ, નાનપુરા, સૂરતના સરનામે મોકલવા જણાવાયું છે.

(૬) સમર્પણ ગ્રુપ બોટાદના ઉપક્રમે ગાંધીનગરના વરિષ્ઠ સાહિત્યકાર હરિકૃષ્ણ પાઠકનાં સન્માનનો કાર્યક્રમ તેમજ કવિ સંમેલન યોજાયું હતું.

(૭) ગુજરાતી સાહિત્ય પરિષદના આગામી કાર્યક્રમો.

- તા. ૨૧-૭-૨૦૧૨, શનિવારે સાંજે ૫ : ૦૦ કલાકે, નવોદિત સર્જક સાથે સંવાદ - સંયોજક : ધ્વનિલ પારેખ.
- તા. ૨૫-૭-૨૦૧૨, બુધવારે સાંજે ૭ : ૦૦ કલાકે, બુધસભા.
- તા. ૨૭-૭-૨૦૧૨, શુક્રવારે સાંજે ૫ : ૦૦ કલાકે "બાર્થ અને સાહિત્ય વિચારણા" વિષે શ્રી હેમંત દવે વ્યાખ્યાન આપશે.
- તા. ૨૮-૭-૨૦૧૨, શનિવારે સાંજે ૫ : ૩૦ કલાકે, પ્રવીણ ગઢવી સંપાદિત "દલિત કવિતા" વિશે શ્રી ડો. ગણપત પરમારના અધ્યક્ષતામાં શ્રી નટુભાઇ પરમારનું વકતવ્ય - સંયોજક : શ્રી ચંદુ મહેરિયા.

(૮) ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તા. ૧૨-૭-૨૦૧૨ ના રોજ શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અર્પણ સમારોહમાં નીચેનાં લેખકો - સાહિત્યકારોનું ગૌરવ સન્માન કરવામાં આવ્યું છે, જે ગાંધીનગર માટે ગૌરવની વાત છે, તેઓશ્રીને ખૂબ ખૂબ અભિનંદન સહ દધિ છલકતી શુભકામાનો.

- શ્રી ફિલિપ કલાર્ક (સેકટર-૨બી) બાળકાવ્ય સંગ્રહ "સવારના તડકામાં" પ્રથમ પારિતોષિક.
- શ્રી કલ્પેશ પટેલ (સેકટર-૨૬એ) (A) "વાડ" વાર્તાસંગ્રહ - તૃતીય પારિતોષિક (B) નવલકથા "વિજયયાત્રા" તૃતીય પારિતોષિક.
- શ્રી દલપત ચૌહાણ (સેકટર-૭સી) સંશોધન - ભાષા - વ્યાકરણ - સાહિત્યના સંશોધિત ઇતિહાસ "ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ" દ્વિતીય પારિતોષિક.
- શ્રી વસંતરાય પરમાર (સેકટર-૨૭) બાળવાર્તા સંગ્રહ "રસભરી વાર્તાઓ" દ્વિતીય પારિતોષિક, સંગ્રહ "હાસ્યમ્ પરમ્ સુંદરમ્" તૃતીય પારિતોષિક.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

## વ્યંગ સેતુ

### શું સાહિત્યમાં નૈતિકતા અને હિંમત છે?

**અશ્વિનકુમાર એસ. પટેલ**

એક ચોર વારંવાર જેલની સજા ભોગવીને અકળાઇ ગયો હતો. તે હવે શાંતિપૂર્વક જીવન વિતાવવા માગતો હતો. તે વિચારવા લાગ્યો કે હવે શું કરવું જેથી જીવન નિર્વાહ ચાલે, કામ પણ કાયદેસરનું હોવું જોઇએ. તેણે ખૂબ વિચાર કર્યો. ઘણાં પુસ્તકો પણ વાંચ્યા. પછી તેને થયું કે ઘણાં કૌભાંડો કરનાર, કાળા કરતૂતો કરનારની આત્મકથાઓ સમાજમાં ધૂમ વેચાય છે. લોકોને પણ તેમાં રસ પડે છે. જેમ સીધી સાદી મહિલાઓની આત્મકથામાં કોઇને રસ પડતો નથી પણ ખરાબ મહિલાઓ જો આત્મકથા લખે તો તેમાં એક ખાસ રોમાંચ હોય, લોકો તે આત્મકથા ખરીદવા પડાપડી કરે, બજારમાં બધી જ કોપી વેચાય જાય, પણ ખરાબ મહિલાઓને આવું બધું લખવાનો સમય હોતો નથી. એમ કહેવાય છે કે પુરૂષો પહેલાં પૈસાદાર થાય પછી બગડી જાય છે. જયારે મહિલાઓ પહેલાં બગડી જાય પછી પૈસાદાર થાય છે.

તો ચોરે પણ પોતાની આત્મકથા લખવાનું વિચાર્યું. પોતાનો વિચાર એક પ્રકાશનને જણાવ્યો. પ્રકાશન તરત જ આત્મકથા છાપવા તૈયાર થઇ ગયો, કારણ કે તેને આ સોનેરી મોકો લાગ્યો કે જેમાં ઘણાં અમીરોની પોલ પણ ખુલ્લી પડશે. આમ ચોરની આત્મકથા છપાઇ ગઇ અને તેનું વિમોચન પણ એક મોટા ચોરના હાથે થયું. છાપાઓમાં મોટી તસ્વીરો સાથે સમાચાર છપાયા. ટેલિવિઝન ચેનલોને પણ મસાલો મળી ગયો. પુસ્તક મેળામાં ચોરની આત્મકથાની બધી જ નકલો ખપી ગઇ. ચોર એકદમ રાજી થઇ ગયો. તેને થયું હવે કાયદેસરની ઘણી કમાણી થશે અને નિરાંતે જીવન જીવી શકશે. એક વર્ષ બાદ પ્રકાશક પાસે રોયલ્ટીના પૈસા લેવા ગયો. પ્રકાશકે પ્રથમ ગલ્લા તલ્લાં કર્યાં. બાદમાં રીતસર ધમકી આપી કે હવે પછી રોયલ્ટી માટે મને પરેશાન કરીશ તો ઘણી ચોરીના કેસમાં જેલનાં બંધ કરાવી દઇશ. ચોર ડરી ગયો. તેણે એવા લેખકોનો સંપર્ક કર્યો જે પોતાને બહાદુર, હિંમતવાળા અને ક્રાંતિકારી લખાણ લખનાર સમજતા હતા. ચોરે આવા લેખકોને વિનંતી તરીકે પ્રકાશક વિરૂધ્ધ કાંઇક લખે, છાપામાં મારી રોયલ્ટી મને મળવી જોઇએ તેવી તરફેણ કરતાં લેખો લખે. પણ કોઇ લેખકે તરફેણ કરી નહીં.

હવે ચોરને સમજાઇ ગયું કે પ્રકાશકો પણ ચોર હોય તે ક્રાંતિકારી, લેખકો પણ પ્રકાશક વિરૂધ્ધ લખતાં કે બોલતાં ડરે છે.

ચોર નૈતિકતાથી જીવવા ઇચ્છતો હતો, તે વિચારે ચડી ગયો. અનેક કહેવતો યાદ આવી ગઇ જેમ કે, શેરની માથે સવા શેર, બળિયાના બે ભાગ, જીસકી લાઠી ઉસકી ભૈંસ, માઇટ ઇઝ રાઇટ, વગેરે... ચોરને થયું હું જ શા માટે પ્રકાશક ન બની જાવ? ચોરે પોતાનો વિચાર અમલમાં મૂક્યો અને લેખકોને બીજા પ્રકાશકો કરતાં વધુ રોયલ્ટી આપવા લાગ્યો. આમ કરતાં તેનો ધંધો જામી ગયો.

જો પરિસ્થિતિ, સમાજ, સંજોગો વ્યક્તિને અનૈતિક જીવન જીવવા ગમે તેટલી મજબૂર કરે છતાં વ્યક્તિ જાતે જ સુધરવા ઇચ્છતી હોય, તો જરૂર નૈતિક જીવન જીવી શકે છે, કોઇ તેને અનૈતિક જીવન જીવવાની ફરજ પાડી શકે નહીં. ટેલિવિઝનમાં ગમે તેટલા ખરાબ સમાચાર કે પ્રોગ્રામ આવે પણ ટેલિવિઝન બંધ કરવાની સ્વીચ તો આપણા હાથમાં જ છે.

# ...સુધાબેને ધાર્યું હોત તો અંજનાબેનની વાતમાં હા એ હા કરીને એ રીનાનું જીવન બરબાદ કરી શક્યાં હોત! પણ, ના એ એમનાં એ સંસ્કાર નહોતા

## નારી ગુણવંતી

**- અનંત પટેલ**

...અંજનાબેનને તેમની વહુ પરણીને આવી તે જ દિવસથી વહુની સાથે મેળ પડતો ન હતો. શી ખબર સ્ત્રી જેવી સાસુ બને છે કે, તરત જ તેની વહુની ખામીઓ જ શોધતી થઇ જાય છે ઘણી બધી સ્ત્રીઓને મનમાં સંકલ્પ લીધો હોય છે કે વહુને જરા ય તકલીફ પડવા દેવી નહીં. છોકરો ને વહુ બંને લગ્નજીવન આનંદથી જીવે. તેમનું કહેલું સદાય કરતાં કરતાં રહે, આડોશી પાડોશીમાં દાખલારૂપ બને તેવું જીવન જીવવાની દરેક સ્ત્રીની તમન્ના હોય છે. પરંતુ કોણ જાણે કંઇ ઘટના કે ઘડીએ તેનામાં પરિવર્તન આવી જાય છે એ તેને ય સમજાતું નથી. અંજનાબેનનું પણ એવું જ હતું. કેટલાં આનંદ અને ઉત્સાહથી તેમણે તેમના નિતીને પરણાવ્યો હતો? પરંતુ વહુના આવ્યા બાદ તેમના બધા જ ઓરતા જાણે કે શાંત થઇ ગયા. એ પોતે જ વિચારવા લાગ્યા...

"...ખરેખર તો મેં જ વધુ પડતા વિચારો કરી લીધા હતા. આવનારી વહુ અહીં આવે પછી એને ય નવી નવી જગામાં સેટ થવામાં વાર તો લાગે જ ને?"

"નિતીન બિચારો ય શું કરે? એને તો વહુની વાત પણ ધ્યાનમાં લેવી જ પડે ને? એની વહુની વાત જો એ જ ના સાંભળે તો પછી બીજું તો કોણ સાંભળવાનું હતું?"

"અને ખામી કોનામાં નથી હોતી? આ દુનિયામાં કોઇ ખામી વગરનું માણસ છે ખરું? માણસ માત્ર ભૂલને પાત્ર."

... આવા વિચારો કરીને પાછાં પોતે જ તેમની વહુ રીના માટે હકારાત્મક વલણ ઉભું કરતાં. પરંતુ આ બધું એકાદ અઠવાડિયું ટકી રહે ને વળી પાછું બધું ય હતું એમનું એમ જ થઇ જાય! અંજનાબેનની પાડોશમાં રહેતા સુધાબેનથી આ બધું અજાણ્યું ન હતું. અંજનાબેન બપોર પછી એમના ઘરે બેસવા જાય અથવા તો સુધાબેન એમને ત્યાં બેસવા આવે. અંજનાબેનની રીનાના વર્તનની વાત કર્યા વિના રહેવાય જ નહીં. એકવાર એમણે રીનાની જેટલી ખામીઓ દેખાઇ હતી તે બધીનું પૂરેપૂરું વર્તન કરી દીધું. સુધાબેન તેમની પૂરી વાત સાંભળ્યા પછી જયારે રીના બહાર ગયેલી હતી ત્યારે બોલ્યાં...

... અંજનાબેન, તમે રીનાની આવી વાત કરો છો, ત્યારે મને તો નવાઇ થાય છે, એ તમે જયારે બહાર ગયાં હો છો ત્યારે એકલી એકલી તમારા ઘરમાં કંઇ ને કંઇ કામ કર્યા જ કરતી જ હોય છે. બેસી રહેવાનો તો એનો સ્વભાવ જ નથી. હું એને બોલાવું તોય એ આવતી નથી. તમે પોતે ય બહારથી આવે ત્યારે જોયું હશે કે ઘરમાં કોઇ વસ્તુ આડીઅવળી પડેલી નહીં જ હોય. ઘર પણ કેટલું વ્યવસ્થિત અને સ્વચ્છ રાખે છે? ...ને તમે એક એવાં છો કે બસ તમને એની ખામીઓ જ દેખાય છે. તમારા મગજમાં કશોક ફેરફાર લાવો, વહું શું સારું કરે છે કે તે તમારે જોવું જોઇએ. અને વહું જો આટલું સારું કામ કરતી હોય તો કયારેક તેનાથી કશીક ભૂલ થઇ જાય તો તમારે તે ચલાવી લેવી જોઇએ. શું તમારાથી ભૂલો નહીં થતી હોય? તમે કે હું જયારે સાસરે આવેલાં ત્યારે શું એકદમ હોંશિયારને કાબેલ હતાં? આપણને આપણી સાસુએ ઘણુ બધું શીખવાડવું પડેલું. જો તેમને આપણને હડધૂત કર્યા હોય તો આપણને ય જીવવાનું મુશ્કેલ થઇ પડ્યું હોત!

સુધાબેનની વાત સાંભળીને અંજનાબેન ઉંડા વિચારમાં પડી ગયા. સુધાબેનની વાત સોળ આના સાચી હતી. એમની રીના જે સારું કામ કરતી હતી એની તો એ નોંધ જ લેતાં ન હતા! એમને તો રીનાની ખામી કે ભૂલ જ જોવાની ગમતી હતી. પણ આ દિવસથી એમને પોતાની ભૂલ સમજાઇ ગઇ. સુધાબેન જેવી પડોશણ સ્ત્રીઓ પણ દુનિયામાં ઘણી ઓછી હોય છે. બાકી મોટા ભાગની સ્ત્રીઓને તો પારકા તમાશા જ જોવામાં જ રસ પડે છે. સુધાબેને ધાર્યું હોત તો અંજનાબેનની વાતમાં હા એ હા કરીને એ રીનાનું જીવન બરબાદ કરી શક્યાં હોત! પણ, ના એ એમનાં એ સંસ્કાર નહોતા.

# વર્ષાના આગમનથી બધે જ પાંગરવાની ઋતુ શરૂ થઇ જતી હોય છે, સૌ તેના સ્વાગતમાં જોડાઇ જાય છે અને પોતપોતાની આગવી રીતે તેને આવકારે છે

## સલામ એ મૌસમ

**- હર્ષદરાય ઉપાધ્યાય**

પર્વતોની રાણી મસૂરી અને ઋતુઓની રાણી વર્ષાઋતુ બંનેની શોભા આગળ ભલભલાને ઝૂકી જવું પડે. વર્ષાના આગમનથી બધે જ પાંગરવાની ઋતુ શરૂ થઇ જતી હોય છે. સૌ તેના સ્વાગતમાં જોડાઇ જાય છે અને પોતપોતાની આગવી રીતે તેને આવકારે છે.

કવિનો જીવ આમ પણ લાગણીશીલ અને તેમાં ભીની હવા લાગે પછી પૂછવું શું? તન-મન અને કલમ દોડવા લાગે અને લખાઇ જાય,

**"કાનમાં પવન કહીને ચાલ્યો,**
**કે હે આવે મેહૂલીયો,**
**ધીખતી ધરતીને માથે,**
**ભીનો-ભીનો,**
**દૂર દૂર દૂર ધખ્ખણના ઢોલ વાગે,**
**મસ્ત મેહૂલીયો આયો રે...**
**બજે આભે નિશાન ડંકો, એને પવન નાખતો પંખો,**
**થયો ધરતીનો પાવન મનખો, આજે ઘર આયો એને બંકો,**
**દળવાદળનાં મોતી વેરતો, ગગન મલ્હાર ગવાયો રે...**
**આયો રે...**
**લીલી લીલી ધરતી, મનમલકંતી, તરૂવરીયાં પણ ડોલે,**
**ખ ળ ખ ળ ખ ળ સરીતાને ઝરણઆં, સરોવરીયાં પણ ડોલે,**
**વસુંધરાનો પાલવ ફરકે, તરસ્યાંનો જામ ભરાયો રે,**
**આયો રે, આયો રે..."**

આ, અને આવા અસંખ્ય ગીતોનું નિર્માણ માત્ર રાણીને વધારવા થવા પામ્યું છે. અને કારણ છે, વર્ષાનું આગમન અને પ્રકૃતિનાં સોળ સળગાર નિખરી ઉઠે છે. એ દૃશ્ય અને આહ્‌લાદક વાતાવરણ.

ધરતી નવોઢાની જેમ લીલી ઓઢણી / પાનેતર ધારણ કરે છે. નેવાંનો પાણીનો અને પાણીમાં પડતાં વર્ષા બુંદનો અવાજ કંકણના ધ્વનિ જેવો કર્ણપ્રિય લાગે છે અને વહેતાં ઝરણાં ઝાંઝરના રવ જેવાં મીઠાં લાગે છે. લીલી ઓઢણીમાં ફૂલોનો ઘૂંઘટ સૌ કોઇને ગમે તેમાં શી નવાઇ?

અરે વર્ષાને વધાવવા સજીવ-નિર્જીવ ગામ કે શહેર સૌ આતુર હોય છે. હંમેશાં સૂસ્ત અને ધીમી ગતીથી જીવનારા ગામડાં પાસે અત્યારે તો 'ટેમ' નથી એવું ભાસે છે. કુદરતની મહેરનો ભલીપેર જીલવા આબાલ - વૃધ્ધો સૌ કામે લાગી જાય છે. વેરાન જેવાં ભાસતાં સીમ અને પાદર, ખેતર અને જંગલ સજીવ થઇ યૌવનની જેમ ઉન્માદ વાળાં લાગે છે. અને બીજી બાજુ સતત દોડતાં શહેરો વર્ષારાણીના આગમન સાથે ઔર રફ્તાર પકડી લે છે. સૌની દૌડ જોવા જેવી હોય છે, અને આવાં દોડતાં શહેરમાં ખૂણે ખાંખરે એકલદોકલ ઉભેલું ઝાડ સૌની આ ગતી જોઇ મલકાતું મલકાતું જાણે શીખામણ આપતું હોય છે કે, "ધીરી બાપુડીયા".

ગામડાં અને ગામડાંનાં જીવન તો કુદરતની નજીક જ હોય છે પરંતુ શહેરોમાં વર્ષાઋતુ પ્રાણ પૂરે છે. વર્ષારાણી સૌ પર સરખો પ્રેમ વરસાવે છે. શહેરી જીવનને પણ કુદરતના નજીક લાવી દે છે.

ગામડામાં ભર યુવાનીમાં મેળો મહાલવા જતા યૌવન જેવાં નદી, નાળાં અને તસતસતાં યૌવન જેવાં તળાવ કે સરોવરોનો પરિચય હોય જ છે. પરંતુ વર્ષારાણી આવો જ નજાર શહેરી જીવનને પૂરો પાડવાનું ચૂકતી નથી. શહેરમાં, ગલીયો અને ફળીયામાં કે રોડ ઉપર વહેતાં પાણી બે ઘડી નદીનાં દર્શન કરાવી જાય છે તો કયાંક નાના સરોવરનાં દર્શન પામી મનુષ્ય કુદરતની નજીક હોવાનો અહેસાસ અનુભવે છે. અને ગરમ ચા કે દાળવડાં, ગોટા કે મકાઇ દોડા ખાતાં ખાતાં શહેરી માણસ પ્રકૃતિની આલોચના આગવી ઢબે કરી ધન્યતા અનુભવે છે.

આકાશમાં છાતી કાઢી વિજેતા યોધ્ધા જેવો મેહૂલીયો આ સૌને નીચવી ખોંખારા ખાતો અને આંખ ઉલાળતો ચાલ્યો જતો હોય છે. સૌની વર્ષારાણીને વધારવાની રીત ન્યારી ભલે હોય પરંતુ આ સૌમાં એક કુદરતનું એવું તત્ત્વ છે જે ગામ હોય કે શહેર કુદરતી જંગલ હોય કે સિમેન્ટ ક્રોકિંટનું વન બધે એક સમાન રીતે વર્ષાને પ્રેમ કરે છે અને તે છે ભોળાં બાલુડાં, નાના બાળકો ગમે ત્યાં હશે, ડહોળાં પાણીમાં કે માટીમાં સમાન પ્રેમથી હાથ-પગ પલાળી, માટીને સ્પર્શી નિર્દોષ કિલકારીઓ પાડી વડીલોનો વઢ સાંભળ્યો ન સાંભળ્યો કરી આનંદ અનુભવતાં દૃષ્ટિગોચર પગ કે બૂટ-મોજાવાળાં પગ હોય ઇશ્વરીય તત્ત્વ સાથે - પાણી સાથે તન-મન પલાળી સાચા અર્થમાં વર્ષાનાં વધામણાં લેતાં હોય છે. તેમનો આ આનંદ જોવા જેવો હોય છે. આંખો બધાંને હોય છે પરંતુ દૃષ્ટિ બહું ઓછાંને હોય છે.

આવાં નિર્દોષ આનંદ વિભોર બાળકોને કુદરતમાં રમવા દઇશું તો પ્રભુને વધુ પ્યારાં લાગીશું.


ચાલો સૌ સાથે મળી વર્ષાને વધાવીએ અને ગાઇએ,

**આવરે વરસાદ,**
**ઢેબરીયો પરસાદ,**
**ઉની ઉની રોટલીને કારેલાનું શાક.**
**અને છેલ્લે,**
**ઘરમેં છૂપકરના બૈઠો,**
**યે મૌસમ સુહાની હૈ,**
**છત પે ચલે આઔ,**
**યે બરસતા પાની હૈ.**

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૨૧મી જુલાઇ




- ૧૯૧૧ની ૨૧મી જુલાઇ, અગ્રણી કવિ ઉમાશંકર જોષીનો જન્મ.

સાબારકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાનાં બામણા ગામે જન્મેલા કવિને જ્ઞાનપીઠ એવોર્ડ, રણજિત સુવર્ણચંદ્રક, નિશીથ કાવ્યસંગ્રહ માટે મળ્યો.

૧૯-૧૨-૧૯૮૮ માં કવિએ આપણી વચ્ચેથી વિદાય લીધી. તેમની પંક્તિ "વ્યક્તિ મટી બનું વિશ્વ માનવી..." વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી... સમગ્ર વિશ્વ તરફથી નિહાળવાનો અભિગમ દર્શાવે છે.

- ૨૦૦૭ માં પ્રતિભા



પાટીલ, પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા.

- ૧૯૬૯ની ૨૧મી જુલાઇ અમેરિકાના અવકાશયાત્રી આર્મસ્ટ્રોંગ ચંદ્રની ધરતી પર સવારે ૯-૪૦ કલાકે ઉત્તરાણ કર્યું.
- ૧૬૫૮માં મોગલ બાદશાહ ઔરંગઝેબ ગાદીનસીન થયો.